Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal Dec. 2021, Year - 8 (104)
www.researchreviewonline.com Paper ID: RRJ784612

વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોના સામાજીક સમાયોજનનો અભ્યાસ :આવકના સંદર્ભમાં

:સંશોધક:

પ્રતીક્ષા પી. પટેલ
રીસર્ચ સ્કોલર, મનોવિજ્ઞાન વિભાગ
સી. યુ. શાહ યુનીવર્સીટી, વઢવાણ શહેર

ડૉ. કિન્નરીબેન માંકડ
મદદનીશ પ્રાધ્યાપક,
સી. યુ. શાહ યુનીવર્સીટી, વઢવાણ શહેર

ડૉ. જીજ્ઞેશ એચ. ટાપરિયા
મદદનીશ પ્રાધ્યાપક અને અધ્યક્ષ,
મનોવિજ્ઞાન વિભાગ,
ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ (સાંજની) અમદાવાદ

પ્રસ્તાવના :-

મનુષ્ય જન્મથી માંડીને મૃત્યુ સુધી સમાજમાં રહીને પોતાનું જીવન જીવે છે. જીવન દરમ્યાન મનુષ્ય દરેક અવસ્થામાંથી પસાર થવું પડે છે. મનુષ્ય જીવનના વિકાસ અવસ્થાના તબક્કામાં બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃધ્ધાવસ્થા આ ત્રણ તબક્કાઓ ખૂબ જ મહત્વના છે. દરેક અવસ્થામાં શારીરિક, માનસિક ફેરફારો થાય છે. મનુષ્યની વૃદ્ધિ અટકી જાય છે અમુક સમય પછી, પરંતુ વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. આજે માનવી પોતાની જીવન જરૂરીયાતો સંતોષવા તેમજ સુખ-શાંતિ પ્રાપ્ત કરવા માટે ઘડિયાળના કાંટાની જેમ દોડે છે. આધુનિક યુગવિજ્ઞાનિક અને ટેક્નોલોજીનો હોવાથી મનુષ્યો પણ યંત્રવતુ થતા જાય છે.

આધુનિક ટેકનોલોજીને કારણે વિશ્વ નાનું થઈ ગયું છે. વિશ્વમાં રહેલા માનવીઓ પણ યંત્રોની જેમ દોટ મૂકે છે. માનવજીવન પણ વધુને વધુ જટીલ બનતું ગયું છે. માનવીમાં રહેલ મૂલ્ય શિક્ષણ ઘટતું જાય છે. મનુષ્યમાં રહેલી દયા, ભાવના, પ્રેમ, હમદર્દી દિવસેને દિવસે ઘટતી જાય છે. માનવી ભદ્રસમાજમાં પ્રતિષ્ઠા મેળવવા માટે પોતાના ઘરના સભ્યોને સમય નથી આપી શકતો. ખાસ કરીને ઘરમાં રહેતા વૃદ્ધો તરફ ધ્યાન આપી શકતો નથી. વૃદ્ધોની પણ

ઘણી સમસ્યાઓ હોય છે. કારણ કે વૃધ્ધાવસ્થામાં વ્યક્તિની દરેક પ્રકારની શક્તિ ક્ષિણ થઈ જાય છે. વૃદ્ધાવસ્થામાં ઘણીવાર વૃધ્ધો પણ પોતાના સ્વભાવને કારણે ઘરમાં સમાયોજન સાધી શકતા નથી. વૃધ્ધોને પોતાનું જીવન બીજાને આધારે જીવવું પડે છે. વૃદ્ધોને આધારે મોટા થનાર પોતાના જ સંતાનોને પોતાના માતા-પિતાને વૃધ્ધાવસ્થામાં આધાર આપવો ગમતો નથી. જેને કારણે વૃધ્ધોની જવાબદારીથી મુક્ત થવા માટે પોતાના જ વૃદ્ધ માતા-પિતાને વૃધ્ધાશ્રમમાં મુકવામાં આવે છે.

વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોને પોતાના ઘર, પુત્રોથી દૂર રહેવું પડતું હોવાથી સામાજીક સમાયોજન અનુભવાય છે. સમૂહમાં રહેતા હોવાથી ક્યારેક માનહાનિ પણ થાય છે. વૃધ્ધોએ ઘણી સમસ્યામાંથી પસાર થવું પડે છે અને સમસ્યાઓની હારમાળા હોય છે. જેવી કે, વૃધ્ધોની શારીરિક શક્તિ ક્ષીણ થઈ ગઈ હોવાથી પોતે સામાજીક સમાયોજન અનુભવે છે. અહમ ઘવાય છે. તેમજ ઘણી સમસ્યાઓ હોવાથી સમાયોજન સાધવામાં મુશ્કેલીઓ પડે છે. વૃધ્ધોની સમસ્યાનું સમાયોજન સાધવા માટે મદદરૂપ થઈ શકે તે વિચારથી સંશોધકે પ્રસ્તુત સમસ્યા પર અભ્યાસ કરવાનું પસંદ કરેલ છે.

સમસ્યા કથન:-

“**A Study of Social Adjustment among Old Age Citizen: Reference to Income**”

“વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોમાં **સામાજિક** સમાયોજનનો અભ્યાસ. :આવકના સંદર્ભમાં”

સંશોધનના હેતુઓ:-

(૧) આવકના સંદર્ભમાં વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોના **સામાજિક** સમાયોજન અને જાણકારી મેળવવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ –

H_{01} વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા આવકના સંદર્ભમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

Ho_2 વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા આવકના સંદર્ભ આવક નથી અને 5 થી 10,000 આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

Ho_3 વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા આવકના સંદર્ભ આવક નથી અને 10,000 થી વધુ આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

Ho_4 વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા આવકના સંદર્ભ 5,000 થી ઓછી આવક અને 5 થી 10,000 આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

Ho_5 વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા આવકના સંદર્ભ 5,000 થી ઓછી આવક અને 10,000 થી વધુ આવક કરતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

Ho_6 વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા આવકના સંદર્ભ 5 થી 10,000 આવક કરતા અને 10,000 થી વધુ આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી.

સંશોધનના પરીવર્ત્ય:-

પરીવર્ત્યને ચલ કે રાશિ તરીકે પણ ઓળખવામાં આવે છે. પરીવર્ત્યનો શાબ્દિક અર્થ થાય છે. 'વેરી કરવું' કે 'પરિવર્તન કરવું', પરીવર્ત્યના વિવિધ પ્રકારો હોય છે. કોઈ વસ્તુ ઘટના કે એવા ચલ કે સ્થિતિને પરીવર્ત્ય કહે છે. જેમાં બે બાબતો જોવા મળતી હોય. એક તો એ કે તેમાં માત્રાત્મક પરિવર્તન શક્ય હોય અને તેને માપી શકાય. બીજી બાબત એ છે કે તે પોતે અસર પામી શકે અથવા બંનેને અસર પહોંચાડી શકે. અલગ-અલગ મનોવૈજ્ઞાનિકોએ પરિવર્યોની વ્યાખ્યા નીચે મુજબ છે.

પોસ્ટમેન અને ઈગન(૧૯૯૫)ના મત મુજબ

"પરિવર્ત્ય એવું લક્ષણ છે, જેમાં અનેક પ્રકારના મૂલ્યો હોઈ શકે."

ડી. એમેટો(૧૯૮૦ના મત અનુસાર

વસ્તુઓ", ઘટનાઓ અથવા વ્યક્તિઓના માપી શકાય તેવા કોઈ પણ ગુણધર્મ અથવા લક્ષણને પરીવર્ત્ય કહે છે."

સ્વતંત્ર પરિવર્ત્ય :-

સામાન્ય રીતે સ્વતંત્ર પરિવર્ત્ય એ માપન કરાતા વર્તન પાસા ઉપર અસર કરતું એવું પરીવર્ત્ય છે, જેનું પ્રયોગ કરતાં સીધુ અથવા પસંદગીની પ્રક્રિયા દ્વારા હસ્ત પ્રયોજન કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્વતંત્ર પરિવર્ત્ય એટલે પ્રયોગમાં પરિવર્તુની અસર તપાસવાની છે, તેવું પરીવર્ત્ય

પ્રસ્તુત સંશોધનમાં નીચે પ્રમાણેના સ્વતંત્ર પરિવર્ત્યો અને તેની કક્ષા છે.

ક્રમ	સ્વતંત્ર પરીવર્ત્ય	કક્ષાઓ
૧	આવક	1. આવક નથી 2. 5,000 થી ઓછી 3. 5 થી 10,000 4. 10,000 થી વધુ

પરતંત્ર પરિવર્ત્ય:-

સ્વતંત્ર પરિવર્યના હેત પ્રયોજનથી જે વાર્તનિક પરિવર્ત્ય ઉપર અસર થાય છે. તેને નિરીક્ષિત કે આધારિત પરિવર્ત્ય કહેવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં નીચેના પરીવર્ત્યને પરતંત્ર પરિવર્ત્ય તરીકે નક્કી કરવામાં આવ્યા હતા.

૧. વૃધ્ધોનું સમાયોજન:

સંશોધનના સાધનો:-

સંશોધનની શુદ્ધતા તથા સફળતા તેના દ્વારા મેળવવામાં આવેલી શુદ્ધ સાચી માહિતી પર આધાર રાખે છે. સંશોધક પોતાના અધ્યયનને સફળ બનાવવા જદા જુદા સાધનોનો ઉપયોગ કરે છે.

સંશોધક દ્વારા રચવામાં આવેલ ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે તથા અધ્યયનને સાર્થક બનાવવા માટે સંશોધક યોગ્ય સાધનની પસંદગી કરે છે. પ્રસ્તુત માહિતી મેળવવા માટે નીચેના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વ્યક્તિગત માહિતી પત્રક:

વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોની વ્યક્તિગત બાબતો અંગેની માહિતી મેળવવા માટે સંશોધક દ્વારા વ્યક્તિગત માહિતી પત્ર તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં વૃધ્ધોની જાતિનો પ્રકાર, વૃધ્ધોનું શિક્ષણ અને વૃધ્ધો ક્યા વિસ્તારમાંથી આવે છે, વૃધ્ધાશ્રમનું વાતાવરણ, વૃધ્ધાવસ્થામાં પડતી મુશ્કેલીઓ, વૃધ્ધોની માસિક આવક વગેરેની માહિતી એકત્રિત કરવા માટે વ્યક્તિગત માહિતી પત્રક તૈયાર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત નીચે મુજબની તુલાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો .

૧ . **સામાજિક સમાયોજન** માપન તુલા

સંશોધનનો નિદર્શ:

પ્રસ્તુત સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં વૃધ્ધાશ્રમમાં રહેતા ૪૮૦ વૃધ્ધોને પસંદ કરવામાં આવ્યા હતા.

માહિતી એકત્રીકરણ:

પ્રસ્તુત સંશોધનમાં વૃદ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોના સામાજીક સમાયોજનનો અભ્યાસ કરવાનો હેતુ છે. તેને ધ્યાનમાં રાખીને જે ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી તેની ચકાસણી કરવાના હેતુથી વિશ્વસનીય અને આધારભૂત તથા પ્રામાણિક માહિતી એકઠી કરવા માટે યોગ્ય પ્રામાણિક સાધનો મેળવવા આવશ્યક છે. તેથી અહી એવી સંશોધનિકાઓ તથા પ્રશ્નાવલી વાપરવામાં આવી છે જેની વિશ્વસનીયતા તથા યથાર્થતા ઉચ્ચ જોવા મળેલ હતી.

હેતુને આધારે કુલ ૪૮૦ વૃધ્ધોના નિદર્શને ધ્યાનમાં લઈ માહિતી એકત્રિત કરવામાં આવી હતી આ માહિતી એકત્રિત કરવા માટે પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રશ્નાવલી દ્વારા વૃધ્ધોને રૂબરૂ મળી પ્રશ્નાવલીમાં પોતાના અભિપ્રાય જણાવવાનું

 ISSN: 2321- 4708
Dec. 2021, Year - 8 (104)
Paper ID: RRJ784612

કહેવામાં આવ્યું હતું. વૃધ્ધોની રૂબરૂ મુલાકાતથી તેમને પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તર મેળવવામાં ઉત્સાહ જળવાઈ રહે તેવા વાતાવરણમાં માહિતી મેળવવાનું કાર્ય વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોના અનુકુળ સમય મુજબ વૃધ્ધાશ્રમની પૂર્વમંજૂરીથી પૂર્ણ કરવામાં આવ્યું હતું.

આંકડાકીય પ્રયુક્તિઓ:

કોઈપણ પ્રકારના સંશોધનમાં આંકડાશાસ્ત્ર ઘણું જ મહત્વનું છે. સંશોધનને સફળ બનાવવામાં તેની માહિતીનું યોગ્ય વિશ્લેષણ કરવા માટે અને સાચા અને પ્રમાણિક તારણ તારવવા માટે, આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનું જ્ઞાન સહાયભૂત બને છે.

પ્રસ્તુત અભ્યાસમાં નીચેની આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કરી માહિતીની સંખ્યાત્મક અને ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવી હતી જેમાં ANNOVA Test (F) અને 't' કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત સંશોધન પરિણામો યોગ્ય તથા વિશ્વાસ પાત્ર સ્થિતિઓ વડે તારવી પછી પરિણામોને યોગ્ય સુંદર આકર્ષક રીતે રજૂ કરવા માટે કોષ્ટક વડે તથા યોગ્ય ગણતરી દર્શાવી પરિણામોની રજૂઆતો કરવામાં આવી હતી. તેના તારણો તારવવામાં આવ્યા છે. આ તારણોને આધારે ભવિષ્યના સૂચિતાર્થો કરવામાં આવ્યા છે. અધ્યયનમાં રહેલી મર્યાદાઓ દર્શાવી તેના આંધારે ભવિષ્યમાં અન્ય કેવા સંશોધનો કરી શકાય તે પણ જણાવવામાં આવ્યું છે.

પરિણામ અને ચર્ચા:

વૃધ્ધોના આવક અને સામાજિક સમાયોજનનું પરીક્ષણ:

વૃદ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોને આવકના આધારે નીચે મુજબના ચાર જુથમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.

1. આવક નથી
2. 5,000 થી ઓછી
3. 5 થી 10,000
4. 10,000 થી વધુ

આ ચાર પ્રકારના સંદર્ભમાં નીચે મુજબ ઉત્કલ્પના રચવામાં આવી હતી.

કોષ્ટક નંબર: 1

વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા આવકના સંદર્ભમાં સામાજિક સમાયોજનના મધ્યકો દર્શાવતું કોષ્ટક

		Sum of Squares	df	Mean Square	F	Sig.
Social Adjustment * Income	Between Groups	158.31	3	52.77	0.33	NS
	Within Groups	75814.28	476	159.27		
	Total	75972.59	479			

વૃદ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોની સામાજિક સમાયોજન પર આવકની અસર જોવા મળે છે કે કેમ તેની માહિતી ઉપરોક્ત કોષ્ટકમાં રજુ કરવામાં આવી છે. જેમાં જણાય છે કે અહી પ્રાપ્ત F મુલ્ય 0.33 છે આપેલી કિમત કરતા ઓછુ છે. જે સાર્થક જોવા મળ્યું નથી. તેથી ઉત્કલ્પના નંબર: 185 નો સ્વીકાર કરવામાં આવે છે. આ પરિણામને વધારે સ્પષ્ટ સમજવા માટે તેમની વચ્ચે ટી મુલ્ય શોધવામાં આવ્યું છે જે નીચેના કોષ્ટકમાં રજુ કરવામાં આવ્યું છે.

કોષ્ટક નંબર: 2

વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા આવકના સંદર્ભમાં સામાજિક સમાયોજનના મધ્યકો અને ટી મુલ્ય

Income	N	Mean	SD	SEM	SED	t'	Sig.
Null Vs Less than 5000	107	30.85	11.951	1.155	1.71	0.34	NS
	95	30.26	12.281	1.260			
Null Vs 5 to 10,000	107	30.85	11.951	1.155	1.71	0.87	NS
	116	29.36	13.445	1.248			
Null Vs More than 10,000	107	30.85	11.951	1.155	1.54	0.82	NS
	162	29.58	12.637	0.993			
Less than 5000 Vs 5 to 10,000	95	30.26	12.281	1.260	1.79	0.5	NS
	116	29.36	13.445	1.248			
Less than 5000 Vs More than 10,000	95	30.26	12.281	1.260	1.62	0.42	NS
	162	29.58	12.637	0.993			
5 to 10,000 Vs More than 10,000	116	29.36	13.445	1.248	1.58	0.14	NS
	162	29.58	12.637	0.993			

ISSN: 2321- 4708
Dec. 2021, Year - 8 (104)
Paper ID: RRJ784612

ઉપરોક્ત કોષ્ટકમાં વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોના આવકના સંદર્ભે તેમના સામાજિક સમાયોજનના મધ્યકના પ્રાપ્તાંકો રજુ કરવામાં આવ્યા છે.

પ્રથમ તુલનામાં આવક નથી ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 30.85 છે અને 5,000 થી ઓછી આવક ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 30.26 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 0.34 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 186 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા આવક નથી અને 5,000 થી ઓછી ધરવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **5,000 થી ઓછીનો આવક ધરાવતા વૃદ્ધો અને આવક નથી ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.**

બીજી તુલનામાં આવક નથી ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 30.85 છે અને 5,000 થી 10, 000 આવક ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 29.36 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 0.87 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 187 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા આવક નથી અને 5,000 થી 10,000 આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **5,000 થી 10,000 ની આવક ધરાવતા અને આવક નથી ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.**

ત્રીજી તુલનામાં આવક નથી ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 30.85 છે અને 10,000 થી વધુ આવક ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 29.58 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 0.82 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 188 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા આવક નથી અને 10,000 થી વધુ આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **10,000 થી વધુની આવક**

ધરાવતા વૃદ્ધો અને આવક નથી ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.

ચોથી તુલનામાં 5,000 થી ઓછી ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 30.26 છે અને 5 થી 10,000 આવક ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 29.36 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 0.5 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 189 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા 5,000 થી ઓછી અને 5 થી 10,000 આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **5 થી 10,000ની આવક ધરાવતા વૃદ્ધો અને 5,000 થી ઓછી આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.**

પાંચમી તુલનામાં 5,000 થી ઓછી ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 30.26 છે અને 10,000 થી વધુ આવક ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 29.58 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 0.42 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 190 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા 10,000 થી વધુ આવક ધરાવતા વૃદ્ધો અને 5,000 થી ઓછી ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે, **10,000 થી વધુની આવક ધરાવતા વૃદ્ધો અને 5,000 થી ઓછી આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.**

છઠ્ઠી તુલનામાં 5,000 થી 10,000 આવક ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 29.36 છે અને 10,000 થી વધુ આવક ધરાવતા વૃદ્ધોના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકનો મધ્યક 29.58 છે. આ બન્ને વચ્ચેનું 'ટી' મુલ્ય 0.14 છે જે સાર્થક નથી. તેથી ઉત્કલ્પના નંબર: 191 "વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોમા 5,000 થી 10,000 આવક ધરાવતા અને 10,000 થી વધુ આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહી." નો સ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે,

10,000 થી વધુની આવક ધરાવતા વૃદ્ધો અને 5,000 થી 10,000 આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.

તારણ:

1. 5,000 થી ઓછીનો આવક ધરાવતા વૃદ્ધો અને આવક નથી ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.
2. 5,000 થી 10,000 ની આવક ધરાવતા અને આવક નથી ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.
3. 10,000 થી વધુની આવક ધરાવતા વૃદ્ધો અને આવક નથી ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.
4. 5 થી 10,000ની આવક ધરાવતા વૃદ્ધો અને 5,000 થી ઓછી આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.
5. 10,000 થી વધુની આવક ધરાવતા વૃદ્ધો અને 5,000 થી ઓછી આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.
6. 10,000 થી વધુની આવક ધરાવતા વૃદ્ધો અને 5,000 થી 10,000 આવક ધરાવતા વૃદ્ધોમાં સામાજિક સમાયોજનની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.

Reference

– ભટ્ટ, કુસુમબેન કે, (૨૦૦૦), ''ચિકિત્સા મનોવિજ્ઞાન ભાગ–૨'' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

– ત્રિવેદી, એમ.ડી. અને પારેખ બી.યુ.''શિક્ષણમાં આંકડાશાસ્ત્ર' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

– શાહ, દિપક આર.(૨૦૦૯–૨૦૧૦), ''મનોવિજ્ઞાનની સંશોધન પદ્ધતિઓ'', સી. જમનાદાસની કંપની.

– યાજ્ઞિક એલ.આર. અને ઢીલા બી.ડી., ચોથાણી કે.બી.(૨૦૦૫), સંશોધન પદ્ધતિ(વાર્તનિક વિજ્ઞાનોમાં) અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.

– શાહ, વિમળા પી.,(૧૯૮૮), 'સંશોધન અહેવાલ લેખન',યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

– ચાવડા, અર્પિતા જે.(૨૦૧૦), ''ગામડા અને શહેરમાં નોકરી કરતા અને સ્વતંત્ર વ્યવસાય કરતા યુવાનોનું કાર્યમૂલ્ય અને આવેગિક પરિપકવતાનો અભ્યાસ'', સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર.

– દેસાઈ એચ.જી. અને કે. જી. દેસાઈ : ''સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ '' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, છઠ્ઠી આવૃત્તિ ૧૯૯૭.

– સુરેશ પારેખ : ''અપ્રાચલિય આંકડાશાસ્ત્ર ''પ્રકાશક : એલ.સી. પારેખ : પ્રથમ આવૃત્તિ ૧૯૯૮.